www.lokpatrika.in તંત્રી : અવેશ માલવિયા > સ્થાપના ૨૦૧૦ > વર્ષ : ૦૪, અંક : ૨૫ > વિક્રમ સંવત ૨૦૮૧ : ભાદરવો સુદ ૦૪ > પાના - ૦૮ । કિંમત : ૪ > અમદાવાદ (ગુજરાત) RNI NO : GUJGUJ/2022/83673




અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

# લોક પત્રિકા

# વિશ્વના ડઝનેક દેશોમાં જે ઇવી ચાલશે તેના પર 'મેડ ઇન ઇન્ડિયા' લખેલું હશે

## 100 દેશોમાં નિકાસ કરાશે

27 AUG - 2025 WEDNESDAY LOK PATRIKA

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 25 • Dt. 27-08-2025 Wednesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad - 380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

**મેડ ઇન ઇન્ડિયા**

પીએમ મોદીએ મારુતિ સુઝુકી પ્લાન્ટમાં કંપનીની પહેલી ઇલેક્ટ્રિક કાર 'મારૂતિ ઇ વિટારા'ના ઉત્પાદન માટે એસેમ્બલી લાઇનનું ઉદ્ઘાટન કર્યું । ઇલેક્ટ્રિક એસયુવીનું સ્થાનિક ઉત્પાદન શરૂ થઇ ગયું છે, જે અન્ય દેશોમાં પણ નિકાસ કરવામાં આવશે । બેટરી ઇકોસિસ્ટમને વેગ આપવા માટે, તોશિબા, ડેન્સો અને સુઝુકીના સંયુક્ત સાહસ, ટીડીએસ લિથિયમ-આયન બેટરી પ્લાન્ટમાં હાઇબ્રિડ બેટરી ઇલેક્ટ્રોડનું સ્થાનિક ઉત્પાદન શરૂ

# ભારતની મેક ઇન ઇન્ડિયા યાત્રામાં નવો અધ્યાય ઉમેરાયો : પીએમ

। લોક પત્રિકા ટીમ, અમદાવાદ,તા.૨૬ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પોતાના ગુજરાત પ્રવાસના બીજા દિવસ દરમિયાન મારૂતિ સુઝુકીની પ્રથમ ઈલેક્ટ્રિક એસયુવી મારૂતિ 'ઈ-વિટારાને લીલી ઝંડી બતાવી. પ્રધાનમંત્રી મોદીએ 'ઈ-વિટારા'ને લીલી ઝંડી દેખાડતા પહેલા કહ્યુ કે ભારતની આત્મનિર્ભરતા અને હરિત ગતિશીલતાનું કેન્દ્ર બનવાની દિશામાં આ એક વિશેષ દિવસ છે.પીએમ મોદીએ આજે આ મારુતિ સુઝુકી પ્લાન્ટમાં કંપનીની પહેલી ઈલેક્ટ્રિક કાર 'મારુતિ ઈ વિટારા'ના ઉત્પાદન માટે એસેમ્બલી લાઈનનું ઉદ્ઘાટન કર્યું છે. એટલે કે, આ ઈલેક્ટ્રિક એસયુવીનું સ્થાનિક ઉત્પાદન આજથી શરૂ થઈ ગયું છે, જે અન્ય દેશોમાં પણ નિકાસ કરવામાં આવશે. બેટરી ઈકોસિસ્ટમને વેગ આપવા માટે, તોશિબા, ડેન્સો અને સુઝુકીના સંયુક્ત સાહસ, ટીડીએસ લિથિયમ-આયન બેટરી પ્લાન્ટમાં હાઈબ્રિડ બેટરી ઈલેક્ટ્રોડનું સ્થાનિક ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું છે.આ સાથે, હવે ૮૦ ટકાથી વધુ બેટરીનું સ્થાનિક સ્તરે ઉત્પાદન કરી શકાય છે, જે ભારતના સ્વચ્છ ઉર્જા અને ઉત્પાદન લક્ષ્યને મજબૂત બનાવશે. ભારત ઈલેક્ટ્રિક વાહન ક્ષેત્રમાં તેની સ્થિતિ મજબૂત કરવા માટે સતત કામ કરી રહ્યું છે. આવી સ્થિતિમાં, ગુજરાતમાં ટીડીએસ લિથિયમ-આયન બેટરી પ્લાન્ટ ભારતને આ લક્ષ્ય તરફ આગળ વધવામાં ઘણી મદદ કરશે.મારુતિ સુઝુકીએ નાણાકીય વર્ષ ૨૦૨૬ માં ૬૭,૦૦૦ ઈલેક્ટ્રિક વાહનોનું ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

૮૦ ટકાથી વધુ બેટરીનું સ્થાનિક સ્તરે ઉત્પાદન કરી શકાય છે, જે ભારતના સ્વચ્છ ઉર્જા અને ઉત્પાદન લક્ષ્યને મજબૂત બનાવશે । ગુજરાતમાં ટીડીએસ લિથિયમ-આયન બેટરી પ્લાન્ટ ભારતને આ લક્ષ્ય તરફ આગળ વધવામાં ઘણી મદદ કરશે । મારૂતિ સુઝુકીએ નાણાકીય વર્ષ ૨૦૨૬ માં ૬૭,૦૦૦ ઇલેક્ટ્રિક વાહનોનું ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે

## પીએમ મોદીએ મારૂતિ સુઝુકીની પ્રથમ ઈલેક્ટ્રિક એસયુવી મારૂતિ 'ઈ-વિટારા'ને લીલી ઝંડી બતાવી



### ૨૦૧૨માં જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે આ પ્રોજેક્ટ માટે જમીન ફાળવણી કરવામાં આવી હતી

વડાપ્રધાન મોદીએ યાદ અપાવ્યું કે, વર્ષ ૨૦૧૨માં જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે આ પ્રોજેક્ટ માટે જમીન ફાળવણી કરવામાં આવી હતી. તેમનું વિઝન આત્મનિર્ભર ભારત અને મેક ઈન ઈન્ડિયાને મજબૂત કરવાનું હતું, જે આજે સાકાર થતું જોવા મળી રહ્યું છે. ભારત પાસે લોકતંત્રની શક્તિ છે અને પ્રતિભા (ટેલેન્ટ)નો મોટો પુલ છે, જે દેશ માટે લાભદાયી છે.' જાપાનમાં નિકાસ વિશે વાત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'સુઝુકી દ્વારા નિર્મિત ગાડીઓ પહેલાંથી જ જાપાનમાં નિકાસ થઈ રહી છે અને હવે ઈફ નિકાસની પણ શરૂઆત થઈ ચુકી છે. મારુતિ સુઝુકી સતત ચાર વર્ષથી ભારતની સૌથી મોટી એક્સપોર્ટર રહી છે અને હવે અને ક ઈવી કાર વિદેશમાં ચાલશે, જેના પર મેક ઈન ઈન્ડિયા લખેલું હશે.તે મેક ઈન ઈન્ડિયાની બ્રાન્ડ એમ્બેસેડર છે.

### સેમી કન્ડક્ટર ક્ષેત્રમાં આગળ વધી રહ્યા છીએ જેને હજુ વધુ આગળ વધારવાનું છે । ઓટો ઇન્ડસ્ટ્રી માટે તેમની મુશ્કેલીઓથી સજાગ છીએ : વડાપ્રધાન મોદી

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'આપણે અહીંથી અટકવાના નથી. સેમી કન્ડક્ટર ક્ષેત્રમાં આગળ વધી રહ્યા છીએ જેને હજુ વધુ આગળ વધારવાનું છે. ઓટો ઈન્ડસ્ટ્રી માટે તેમની મુશ્કેલીઓથી સજાગ છીએ. આ માટે, દેશમાં વિવિધ સ્થળોએ મહત્ત્વના ખનિજો માટે શોધ અભિયાન હાથ ધરવામાં આવશે. હું આવતા અઠવાડિયે જાપાન જઈ રહ્યો છું. આપણો સાંસ્કૃતિક સંબંધ છે. મારુતિથી શરૂ થયેલી સફર હવે બુલેટ ટ્રેન સુધી પહોંચી ગઈ છે. ગુજરાત-જાપાન સંબંધો ૨૦ વર્ષ પહેલાં અહીંથી શરૂ થયા હતા.' મારુતિના સફર વિશે વાત કરતા તેમણે તેને 'ટીન એજ' સાથે જોડ્યું અને કહ્યું કે, 'જેમ એક યુવાનના સપના ટીન એજમાં ઉડાન ભરે છે, તેમ જ હવે મારુતિ સુઝુકી ઈફ સ્પેસમાં નવી પાંખો ફેલાવા જઈ રહ્યું છે. ગુજરાતમાં કંપનીનો આ નવો તબક્કો ઉત્સાહ અને ઉમંગથી ભરેલો છે.'વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'ગણેશોત્સવના ઉલ્લાસમાં આજે ભારત-જાપાનની મિત્રતાને નવા પરિણામો મળ્યા છે.' આ કંપનીએ ન ફક્ત ઘરેલું સ્તર પર, પરંતુ વૈશ્વિક સ્તર પર પણ ભારતની ઓળખને મજબૂતી આપી છે. આ અવસર ભારત-જાપાનની મિત્રતા અને અને સહિયારી પ્રગતિનું પ્રતિક છે.'



# ગાંધીનગરમાં નવાજૂનીના સંકેત! પીએમ મોદીએ દોઢ કલાક પાટીલ સાથે બેઠક કરી










પ્રધાનમંત્રી મોદીના ગુજરાત પ્રવાસનો આજે બીજો દિવસે અનેક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો પરંતુ તે પહેલા સવાર સવારમાં સીઆર પાટીલ સાથે દોઢ કલાક ચાલેલી બેઠક ભારે ચર્ચા જગાવી રહી છે. ગુજરાતમાં સરકાર અને સંગઠન લેવલે નવાજૂની થાય અને મોટા ફેરફાર થાય તેવી ચર્ચાઓ ગાંધીનગરની રાજકીય ગલિયારાઓમાં થઈ રહી છે. આજે ગાંધીનગરમાં ભજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ અને પીએમ મોદીની મુલાકાત થઈ હતી. પીએમ મોદી સાથે સી.આર. પાટીલે દોઢ કલાક બેઠક કરી હતી. જેમાં ભાજપના સંગઠનાત્મક કાર્યક્રમો અને સંગઠન સંરચના સહિતની બાબતો પર ચર્ચા થઈ હતી. ગઈકાલે સી આર પાટીલે કમલમ ખાતે સંગઠનમાં ફેરફાર અને મંત્રીમંડળમાં ફેરફારના સંકેત આપ્યા હતા. તો ગઈકાલે મોડી રાત્રે મુખ્યમંત્રી સાથે પીએમ મોદીએ બેઠક કરી હતી. સોમવારે રાત્રે મુખ્યમંત્રી સાથેની બેઠકમાં પીએમ મોદીએ ગુજરાતના મહત્વના પ્રોજેક્ટની સમીક્ષા કરી હતી. ત્યારે આ બેઠકોમા પ્રદેશ સંગઠન મુદ્દે ચર્ચા થઈ હોવાની સંભાવના છે. ત્યારે પીએમ મોદી સાથે સી આર પાટીલની મુલાકાત ગુજરાતના બદલાતા રાજકારણમાં મહત્વની માનવામાં આવી રહી છે. ચોમાસુ સત્ર સમાપ્ત થયા પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત પ્રવાસ પર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આ મુલાકાત સરકારી હોવા છતાં, રાજકીય દૃષ્ટિકોણથી તે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. એવી ચર્ચા થઈ રહી છે કે પીએમ મોદીની મુલાકાત પછી ગુજરાતમાં ઘણા ફેરફારો થઈ શકે છે. સંસદનું ચોમાસુ સત્ર સમાપ્ત થતાં જ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના જન્મદિવસ પહેલા ગુજરાત પ્રવાસ પર છે. તેઓ તેમની મુલાકાત દરમિયાન ૫,૪૭૭ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે, પરંતુ પીએમ નરેન્દ્ર મોદીની મુલાકાતને રાજકીય દ્રષ્ટિકોણથી વધુ જોવામાં આવી રહી છે.

## અમદાવાદમાં ભાઈ-બહેનના સંબંધને લાંછન લગાવતો કિસ્સો, ભાઈએ દુષ્કર્મ આચર્યું

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૬ ।

શહેરના ખોખરામાં ભાઈ અને બહેનના પવિત્ર સંબંધને શર્મસાર કરતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પાડોશમાં રહેતા કૌટુંબિક ભાઈએ સગીર વયની બહેનને તારા ભાભી માટે ગિફ્ટ લાવ્યો છું કહીને સગીર બહેનને ઘરે બોલાવીને એકલતાનો લાભ લઈને પોતાની હવસનો શિકાર બનાવી દીધી હતી. આ અંગે કોઈને જાણ કરીશ તો તારા માતા-પિતાને જાનથી મારી નાંખીશ તેવી ધમકી સગીરાને આપી હતી. ગુમસુમ બેસી રહેતા સગીરાના પિતાએ આ મામલે પૂછતાં સમગ્ર ભાંડો ફૂટ્યો અને સગીરાના પિતાએ કૌટુંબિક ભત્રીજા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. ખોખરા પોલીસે ફરિયાદ લઈને આરોપીને પકડવા માટેની કાર્યવાહી શરૂ કરી છે.

## સગા માસીના દીકરાનું અપહરણ કરી મોતને ઘાટ ઉતારનાર વિકાસ મુંબઈથી પકડાયો

। પ્રતિનિધિ, સુરત, તા.૨૬ ।

થોડા દિવસ પહેલા મુંબઈના લોકમાન્ય તિલક ટર્મિનલ પાસે ટ્રેનના એક ટોયલેટમાંથી સુરતના અમરોલી વિસ્તારમાં રહેતા ત્રણ વર્ષના માસૂમ બાળકનો મૃતદેહ મળ્યો હતો. જે મામલે તપાસ કરતા આ ઘટનામાં પોલીસે આરોપી તરીકે મૃતકના માસિયાઈ ભાઈને હાલ મુંબઈથી દબોચ્યો છે, જે સગા માસીના માસૂમ દીકરાને રમાડવાના બહાને બહાર લઈ ગયો હતો અને તેની કરપીણ હત્યા કરી, બાદમાં મૃતદેહને ટ્રેનના ટોયલેટમાં ફેંકી દીધો હતો. પરંતુ આ માસિયાઈ ભાઈ આ હદે હેવાન કેવી રીતે બન્યો અને શું છે આખી ઘટના છે,મૂળ બિહારનો વતની અને હાલમાં સુરતમાં અમરોલી વિસ્તારની ક્રિષ્ણાનગર સોસાયટીમાં ત્રણ બાળકો સાથે રહેતા દુર્ગાવતીબેન. (પતિ દુબઈમાં નોકરી કરે છે) જેમના ઘરે એકાદ અઠવાડિયા પહેલા તેમના સગા બહેન રબડી દેવી શાહ, પોતાના ૨૬ વર્ષના પુત્ર વિકાસ શાહ સાથે બિહારથી સુરત આવ્યા હતા.

### ૫૫૦૦ વધારાની બસો દોડાવાશે

# અંબાજીના ભાદરવી પૂનમ મહામેળા માટે એસ.ટી.નિગમની મેગા તૈયારી

**ગત વર્ષે ભાદરવી પૂનમના મેળામાં એસ.ટી. નિગમે ૫૧૦૦ વધારાની બસો દ્વારા ૧૦.૯૨ લાખ યાત્રાળુઓને સેવા પૂરી પાડી હતી**

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૨૫ ।

અંબાજીમાં યોજાનાર ભાદરવી પૂનમના મહામેળામાં લાખોની સંખ્યામાં ઉમટી પડતા હોય છે. ત્યારે શ્રદ્ધાળુઓ માટે ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. યાત્રાળુઓને સલામત અને સુવિધાજનક પ્રવાસનો અનુભવ મળે તે માટે આ વર્ષે કુલ ૫૫૦૦ વધારાની બસો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.ગત વર્ષે ભાદરવી પૂનમના મેળામાં એસ.ટી. નિગમે ૫૧૦૦ વધારાની બસો દ્વારા ૧૦.૯૨ લાખ યાત્રાળુઓને સેવા પૂરી પાડી હતી. આ વર્ષે યાત્રાળુઓની સુવિધાને ધ્યાનમાં રાખીને બસોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. ૧ સપ્ટેમ્બર ૨૦૨૫થી ૭ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી આ વિશેષ બસોનું સંચાલન થશે.આ બસો મુખ્યત્વે અંબાજીથી ગબ્બર, દાંતા, પાલનપુર, અમદાવાદ, વડોદરા અને સુરત જેવા રૂટ્સ પર દોડશે, જેથી રાજ્યભરમાંથી આવતા યાત્રાળુઓ સરળતાથી અંબાજી પહોંચી શકે. આ ઉપરાંત નજીકના મુખ્ય સ્થળોથી અંબાજી આવવા સ્પેશિયલ મીની બસોની વ્યવસ્થા પણ કરાઈ છે. ગબ્બરથી અંબાજી RTO માટે ૨૦ બસો, અંબાજીથી દાંતા માટે ૧૫ બસો, દાંતાથી પાલનપુર માટે ૨૦ બસો દોડાવવામાં આવશે.એસ.ટી. નિગમ દ્વારા




યાત્રાળુઓની સુરક્ષા અને સગવડ માટે 24×7 GPS મોનિટરિંગ, પેસેન્જર શેડ, લાઈન/ક્યુ, જાહેર શૌચાલય અને પીવાના પાણીની સુવિધા જેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ સમગ્ર વ્યવસ્થાનું સુચારુ સંચાલન કરવા માટે ૪૦૦૦ કર્મચારીઓની ટીમ ખડેપગે રહેશે. ગુજરાતના સુપ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજીમાં ભાદરવી પૂનમના મહામેળામાં આવતા લાખો શ્રદ્ધાળુઓની સુરક્ષા અને સલામતી માટે અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. આ વર્ષે ટ્રસ્ટે યાત્રાળુઓ માટે રૂપિયા ૧૦ કરોડનો વીમો લીધો છે. જે ગત વર્ષના વીમા કવરેજ કરતાં ત્રણ ગણો વધુ છે. આ વીમા અંતર્ગત કોઈ પણ શ્રદ્ધાળુનો માર્ગ અકસ્માત થાય અથવા દુર્ઘટનામાં મૃત્યુ થાય તો તેમને આર્થિક સહાય મળી રહેશે. આ વીમાની સૌથી મોટી વિશેષતા એ છે કે શક્તિપીઠ અંબાજીના ૫૦ કિલોમીટરના વિસ્તારમાં થતા અકસ્માતોને આવરી લેવામાં આવ્યા છે.

## અમદાવાદ : દાસ્તાન સર્કલ નજીક ભયંકર અકસ્માત, ૨ મહિલાના કમકમાટી ભર્યા મોત

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૬ ।

શહેરના નરોડા વિસ્તારમાં દાસ્તાન સર્કલ નજીક આજે એક ભયંકર અકસ્માત સર્જાયો હોવાનું સામે આવ્યું છે. જેમાં ભારે વાહને ટુ વ્હીલરને ટક્કર મારી જેના કારણે ૨ મહિલાઓના મોત નીપજ્યા છે. ૧૦૮ ઈમર્જન્સી સેન્ટરથી રિંગ રોડ પાસે ભારે વાહને આ ટુવ્હીલરને અડફેટે લીધું હતું જેમાં ૨ મહિલાઓના કરુણ મોત નીપજ્યા હોવાનું સામે આવ્યું છે. મૃતક મહિલાઓમાં એક મહિલા પોલીસ કર્મચારી હતા જ્યારે અન્ય એક મહિલા ૧૦૮ કોલ સેન્ટરના કર્મચારી હોવાનું સામે આવ્યું છે.મૃતક મહિલાઓના નામ હિરલ રબારી અને હિરલ રાજગોર હોવાનું સામે આવ્યું છે. જેમાં હિરલ રબારી મહિલા પોલીસ કર્મચારી હતા જેઓ ગાંધીનગર સાયબર સેલ ખાતે ફરજ બજાવતા હતા. જ્યારે અન્ય એક મહિલા હિરલ રાજગોર ૧૦૮ કોલ સેન્ટરમાં ફરજ બજાવતા હતા. બનાવની જાણ થતા પોલીસની વાનમાં બંન્ને મહિલાઓને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.જોકે હોસ્પિટલ પહોંચતા ડોક્ટર દ્વારા બંન્ને મહિલાઓને મૃત જાહેર કરવામાં આવ્યા છે. સમગ્ર મામલે જી ડિવિઝન ટ્રાફિક પોલીસે ફરિયાદ નોંધવા તજવીજ શરૂ કરી છે.

## મહુવા-સાવરકુંડલા હાઇવે પર અકસ્માતોની વણજાર । માટી અને ખાડાઓ મુસીબત બની

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૨૬ ।

મહુવા સાવરકુંડલા હાઈવે પર ચીકણી માટી અને ખરાબ રોડની સ્થિતિને કારણે અકસ્માતોની વણજાર સર્જાઈ છે. ખાસ કરીને ડુંડાસ ચોકડી નજીક આવેલા ચીકણી માટીના રસ્તા પર અનેક ટુ-વ્હીલર ચાલકો લપસી પડ્યા છે, જેના કારણે અનેક નાના-મોટા અકસ્માતોની ઘટનાઓ સામે આવી છે. આ સ્થિતિને કારણે સ્થાનિક લોકો અને વાહનચાલકોમાં રોષ ફેલાયો છે.મહુવાથી સાવરકુંડલા જતા આ હાઈવે પર લાંબા સમયથી મોટા-મોટા ખાડાઓની સમસ્યા ચાલી રહી હતી. આ ખાડાઓને ભરવા માટે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા માટી નાખીને લેવલિંગનું કામ કરવામાં આવ્યું હતું. જોકે, આ ઉપાય ઉલટો પડ્યો. વરસાદના કારણે આ માટી ચીકણી થઈ ગઈ, જેના લીધે રોડ ખૂબ જ લપસણો બની ગયો છે. આના પરિણામે ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો માટે આ રોડ પર સંતુલન જાળવવું મુશ્કેલ બન્યું છે, અને લપસી પડવાની ઘટનાઓ વધી છે.ડુંડાસ ચોકડી આસપાસનો વિસ્તાર આ સમસ્યાથી સૌથી વધુ પ્રભાવિત થયો છે. અહીં ચીકણી માટીના રસ્તા પર ટુ-વ્હીલર ચાલકો રીતસર લપસી રહ્યા છે. માહિતી અનુસાર, આ વિસ્તારમાં રોજબરોજ નાના-મોટા અકસ્માતો થઈ રહ્યા છે, જેમાં કેટલાક ચાલકોને ઈજા પણ થઈ છે. વાહનચાલકોનું કહેવું છે કે રોડની આ સ્થિતિને કારણે તેઓને દરરોજ જીવનું જોખમ લઈને મુસાફરી કરવી પડે છે.

### રાજકોટ શહેર સાઇબર ક્રાઇમ દ્વારા

# રાજકોટના દંપતીને ૪૫ દિવસ ડિજીટલ એરેસ્ટ કરનારા ભાવનગરના નીકળ્યા । ૧૨ ગુના નોંધાયા

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૨૬ ।

રાજકોટ શહેરમાં રહેતા અને સેશન્સ કોર્ટમાં ક્લાર્ક તરીકે નિવૃત્ત થયેલા ૬૯ વર્ષીય દિનેશ દેલવાડીયા નામના વ્યક્તિને ગત જુલાઈ માસમાં દિલ્હી ક્રાઈમ બ્રાન્ચના ઓફિસર તરીકેની ઓળખ આપનારા વ્યક્તિએ ફોન કરીને તમારી વિરુદ્ધ ડ્રગ્સ તેમજ મની લોન્ડરિંગ અંતર્ગત ગુનો નોંધવામાં આવશે. તે પ્રકારની ધમકી આપી ડરાવીને સતત ૪૫ દિવસ સુધી ડિજિટલ અરેસ્ટ કર્યા હોવાની ઘટના સામે આવી છે. તો સાથે જ વૃદ્ધ દંપતી પાસેથી પોતાની મરણ મૂડી સમાન ૮૮ લાખથી પણ વધુની રકમ બળજબરીપૂર્વક જુદા જુદા એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી હોવાનું સામે આવ્યું છે. ત્યારે ગણતરીની કલાકોમાં રાજકોટ




શહેર સાઈબર ક્રાઈમ દ્વારા ત્રણ જેટલા આરોપીઓની ધરપકડ કરી છે.બ્રિજેશ પટેલ, મોહસીન શેખ અને મહમ્મદ હલારી. ત્રણેય શખ્સો ભાવનગરના રહેવાસી હોવાનું સામે આવ્યું છે. ૨૪ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ રાજકોટ શહેરના સ્વાગત રેસીડેન્સી ખાતે રહેતાં ૬૯ વર્ષીય દિનેશ દેલવાડીયા નામના વ્યક્તિ દ્વારા જુદા જુદા બેંક એકાઉન્ટ ધારક તેમજ તપાસમાં ખુલે તે તમામ વિરુદ્ધ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવામાં આવ્યો હતો. જે ગુનો નોંધાયાની સાથે તાત્કાલિક અસરથી રાજકોટ શહેર સાયબર ક્રાઈમની ટીમ દ્વારા ગુનામાં વાપરવામાં આવેલ બેંક એકાઉન્ટની માહિતી એકત્રિત કરવામાં આવી હતી. જે માહિતીના આધારે ગુનામાં વાપરવામાં આવેલ એક એકાઉન્ટ ભાવનગર ખાતે ઓપરેટ થયું હોવાનું સામે આવ્યું હતું. જે અંતર્ગત તાત્કાલિક અસરથી ભાવનગર શહેર ખાતે રહેતા બ્રિજેશ પટેલ નામના વ્યક્તિની પોલીસ દ્વારા પૂછપરછ હાથ ધરવામાં આવતા અન્ય બે વ્યક્તિઓની સંડોવણી પણ સામે આવી હતી.રાજકોટ સાયબર ક્રાઈમના એસીપી ચિંતન પટેલે માહિતી આપતા જણાવ્યું કે, સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની પ્રાથમિક તપાસમાં બ્રિજેશ પટેલ દ્વારા આઈડીબીઆઈ બેંકમાં કરંટ એકાઉન્ટ ખોલાવવામાં આવ્યું હતું. જે કરંટ એકાઉન્ટમાં ભારતભરમાંથી ૧૨ જેટલી સાયબર ફ્રોડની ફરિયાદો નોંધાઈ હોવાનું સામે આવ્યું છે.

## વડોદરામાં વૃદ્ધ મહિલા સાથે છેતરપિંડી, મદદના બહાને લૂંટી સોનાનું ડોકિયું

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૬ ।

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં એક અજાણી મહિલાએ મદદના બહાને વૃદ્ધ મહિલાને છેતરીને તેના ગળામાંથી સોનાનું ડોકિયું લૂંટી લીધું. આ ઘટનાએ શહેરમાં વૃદ્ધ નાગરિકોની સુરક્ષા અંગે ચિંતા ઉભી કરી છે. જોકે, વડોદરા પોલીસની ક્રાઈમ બ્રાન્ચે ત્વરિત કાર્યવાહી કરી આરોપી મહિલાને ઝડપી પાડી અને ચોરીનો મુદ્દામાલ પણ રિકવર કર્યો છે.ઘટના માંજલપુર વિસ્તારમાં બની, જ્યાં એક વૃદ્ધ મહિલા રસ્તા પર એકલી હતી. આ દરમિયાન એક અજાણી મહિલાએ તેમની પાસે આવીને મદદની ઓફર કરી. આરોપીએ વૃદ્ધ મહિલાને કહ્યું, “માજી, હું તમને રિક્ષામાં ઘરે મૂકી આવું?” આ વાતથી વૃદ્ધ મહિલાને આરોપી પર વિશ્વાસ થયો અને તે તેની સાથે જવા માટે તૈયાર થઈ. પરંતુ, આ મદદનો ઢોંગ ફક્ત એક યોજના હતી. આરોપીએ વૃદ્ધ મહિલાનો હાથ પકડીને તેમને એકાંત જગ્યાએ લઈ ગઈ અને ત્યાં તેનો અસલી રંગ બતાવ્યો. અચાનક આરોપીએ વૃદ્ધ મહિલા સાથે ઝપાઝપી કરી અને તેમના ગળામાં પહેરેલું સોનાનું ડોકિયું તોડીને ફરાર થઈ ગઈ. આ ઘટનાથી વૃદ્ધ મહિલા આઘાતમાં આવી ગઈ અને તેમણે તરત જ પોલીસને જાણ કરી.




## સુપ્રીમ કોર્ટ દ્વારા સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમની નિમણૂક પર

# વંતારાએ એસઆઇટી તપાસમાં સહકાર આપશે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ નિવેદન જારી કરાયુ

### અમારું મિશન અને ધ્યાન પ્રાણીઓના બચાવ, પુનર્વસન અને સંભાળ પર રહેશે : વંતારા

। પ્રતિનિધિ, નવીદિલ્હી, તા.૨૬ ।

સુપ્રીમ કોર્ટ દ્વારા સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની નિમણૂક પર, વંતારાએ એક નિવેદન જારી કરીને કહ્યું કે અમે પારદર્શિતા અને કાયદાનું સંપૂર્ણ પાલન કરવા માટે પ્રતિબદ્ધ છીએ. અમે સુપ્રીમ કોર્ટના આદેશનું ખૂબ આદર સાથે સ્વાગત કરીએ છીએ. અમારું મિશન અને ધ્યાન પ્રાણીઓના બચાવ, પુનર્વસન અને સંભાળ પર રહેશે. અમે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમને સંપૂર્ણ સહયોગ આપીશું અને અમારા તમામ પ્રયાસોના કેન્દ્રમાં પ્રાણીઓના કલ્યાણને રાખીને પ્રામાણિકતા સાથે અમારું કાર્ય ચાલુ રાખીશું. અમે વિનંતી કરીએ છીએ કે આ પ્રક્રિયા કોઈપણ અટકળો વિના અને અમે જે પ્રાણીઓની સેવા કરીએ છીએ તેમના શ્રેષ્ઠ હિતમાં થવા દેવામાં આવે.એસઆઈટીની રચના થયા પછી, વંતારા પ્રાણીશાસ્ત્રીય બચાવ અને પુનર્વસન કેન્દ્રે મંગળવારે જણાવ્યું હતું કે સંસ્થા સહયોગ કરશે અને પ્રાણીઓને બચાવવા અને પુનર્વસન કરવાનું ચાલુ રાખશે. વંતારાએ કહ્યું કે સંસ્થા કાયદાનું પાલન કરશે.



હકીકતમાં, કોલ્હાપુરથી જામનગરના વંતારા અભયારણ્યમાં રાધે કૃષ્ણ મંદિર હાથી કલ્યાણ ટ્રસ્ટમાં મંદિર હાથી 'મહાદેવી' ને ટ્રાન્સફર કરવાને પડકારતી સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. અરજીમાં માંગ કરવામાં આવી હતી કે ગુજરાતના જામનગરમાં વંતારા વન્યજીવન બચાવ અને પુનર્વસન કેન્દ્રની તપાસ કરવામાં આવે. કોર્ટે આ તપાસ માટે ૧૦ સભ્યોની SIT ની રચના કરી છે.

તમને જણાવી દઈએ કે સોમવારે, સુપ્રીમ કોર્ટે ગુજરાતના જામનગરમાં વંતારા એનિમલ રેસ્ક્યુ એન્ડ રિહેબિલિટેશન સેન્ટરમાં ગેરકાયદેસર રીતે પ્રાણીઓના સંપાદન અને દુર્વ્યવહારના આરોપોની તથ્ય-શોધ તપાસ કરવા માટે જસ્ટિસ જસ્તી ચેલમેશ્વરની આગેવાની હેઠળ એક ખાસ તપાસ ટીમની રચના કરી હતી. જસ્ટિસ પંકજ મિથલ અને જસ્ટિસ પ્રસન્ના બી. વરાલેની બેન્ચે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમને ૧૨ સપ્ટેમ્બર સુધીમાં તેની તપાસ પૂર્ણ કરીને રિપોર્ટ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો. કેસની આગામી સુનાવણી ૧૫ સપ્ટેમ્બર માટે નક્કી કરવામાં આવી છે.સુપ્રીમ કોર્ટે કહ્યું કે ચાર સભ્યોની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ વન્યજીવ સંરક્ષણ કાયદાઓનું પાલન, આંતરરાષ્ટ્રીય વેપાર નિયમો, પ્રાણી કલ્યાણ ધોરણો અને પર્યાવરણીય ચિંતાઓ જેવા મુદ્દાઓ પર પણ તપાસ કરશે અને રિપોર્ટ આપશે.સુપ્રીમ કોર્ટ દ્વારા સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની નિમણૂક પર, વંતારાએ એક નિવેદન જારી કરીને કહ્યું કે અમે પારદર્શિતા અને કાયદાનું સંપૂર્ણ પાલન કરવા માટે પ્રતિબદ્ધ છીએ. અમે સુપ્રીમ કોર્ટના આદેશનું ખૂબ આદર સાથે સ્વાગત કરીએ છીએ. અમારું મિશન અને ધ્યાન પ્રાણીઓના બચાવ, પુનર્વસન અને સંભાળ પર રહેશે. અમે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમને સંપૂર્ણ સહયોગ આપીશું.

## અમદાવાદ શહેર એરપોર્ટ ઉપર

# સોના-સિગારેટની દાણચોરી ઝડપાઈ । ૧.૯૩ કરોડનું સોનુ અને ૫૨,૪૦૦ સિગારેટ ઝડપાઈ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૬ ।

કસ્ટમના એર ઈન્ટેલિજન્સ યુનિટે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ૨૪ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ બે મોટી કાર્યવાહી કરી હતી. જેમાં દુબઈથી આવેલી ઈન્ડિગો ફ્લાઈટમાં ટોયલેટમાંથી સોનાની પેસ્ટના બે પાઉચ મળી આવ્યા હતા. જેમાં રૂ.૧.૯૩ કરોડનું સોનુ કબજે કરવામાં આવ્યું હતું. દુબઈથી ઈન્ડિગો ફ્લાઈટ નંબર ૬ઈ-૧૪૭૮ અમદાવાદ એરપોર્ટ પર આવી હતી. બાદમાં તપાસ હાથ ધરવામાં આવતા એરપોર્ટના ટોયલેટમાંથી બે શંકાસ્પદ પાઉચ મળી આવ્યા હતા, અધિકારીઓને તે સોનાની પેસ્ટ હોવાની શંકા હતી. કસ્ટમ્સ અધિકારીઓએ પાઉચમાંથી સોનાની પેસ્ટને એક્સટ્રેશન પ્રોસેસ દ્વારા શુદ્ધ કરી, જેમાંથી કુલ ૧૮૬૭.૩૧૦ ગ્રામ વજનના ૯૯૯ શુદ્ધતા ધરાવતા બે સોનાના બાર પ્રાપ્ત થયા હતા. આ સોનાની બજાર કિમત રૂ. ૧,૯૩,૨૬,૬૫૯ છે. કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ હેઠળ આ સોનુ જપ્ત કરવામાં આવ્યું છે.બીજીતરફ તે જ દિવસે ફ્લાઈટ નંબર એમએચ-૨૦૨ દ્વારા કમ્બોડિયાથી મલેશિયા મારફતે અમદાવાદ આવેલા બે મુસાફરો પાસેથી કુલ ૫૨,૪૦૦ સિગારેટ સ્ટિક્સ જપ્ત કરવામાં આવી હતી. આ બંને ઘટનાઓ અંગે કસ્ટમ્સ વિભાગે તપાસ હાથ ધરી છે અને આંતરરાષ્ટ્રીય સ્મગલિંગની કડી શોધવા વધુ વિગતો એકત્રિત કરી.

## ૪૦,૦૦૦ વસુલવા રેસ્ટોરન્ટમાં બેફામ તોડફોડ કરનાર ચાર હુમલાખોર પકડાયા

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૬ ।

વડોદરાના જેતલપુર રોડ વિસ્તારની હોટલમાં તોડફોડ કરનાર ચાર હુમલા કોરોને પોલીસે ઝડપી પાડી કાન પકડાવીને ઊઠબેસ કરાવી હતી.સન ફાર્મા રોડ પર નીલમબર ઓરીઅન્સ ખાતે રહેતા અને જેતલપુર રોડ પર રેસ્ટોરન્ટ ચલાવતા વિશાલ છાબરીએ પોલીસને કહ્યું છે કે રેસ્ટોરન્ટમાં ફર્નિચર અને કલરકામ માટે દોઢ લાખનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. પરંતુ અધૂરું કામ રહેતા ૧.૧૦ લાખ ચૂકવ્યા હતા. બાકીના ૪૦ હજારની માંગણી કરી સુરેશ સુદામ સેગર તા.૨૩મી એ તેના ત્રણ સાગરીતો સાથે રેસ્ટોરન્ટમાં આવ્યો હતો અને ઝઘડો કરી જે આવે તે ચીજો તોડફોડ કરી રૂ.અઢી લાખનું નુકસાન કર્યું હતું.ઉપરોક્ત બનાવવા અંગે અકોટા પોલીસે હુમલાખોર સુરેશ સેગર તેમજ તેની સાથે આવેલા અવિનાશ સુભાષ ભાઈ સેગર, મયુર પન્ઢરી સેગર અને વિકાસ છાયાનાથ શિન્દે (તમામ રહે-ભૈરવનાથ નગર મુજમહુડા) ની ધરપકડ કરી છે.વડોદરાના જેતલપુર રોડ વિસ્તારની હોટલમાં તોડફોડ કરનાર ચાર હુમલા કોરોને પોલીસે ઝડપી પાડી કાન પકડાવીને ઊઠબેસ કરાવી હતી.

## બીઝેડ કૌભાંડનો આરોપી ભૂપેન્દ્ર ઝાલા આઠ મહિના પછી જેલમાંથી મુક્ત થશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૬ ।

બીઝેડ કૌભાંડના આરોપી ભૂપેન્દ્ર ઝાલા સામે સીઆઈડી ક્રાઈમ દ્વારા દાખલ કરવામાં આવેલી મૂળ ફરિયાદમાં, ભૂપેન્દ્ર ઝાલાએ ગુજરાત હાઈકોર્ટમાં નિયમિત જામીન અરજી દાખલ કરી હતી, જેને હાઈકોર્ટે મંજૂર કરી હતી. હવે ઝાલા આઠ મહિનામાં જેલની બહાર આવશે જીપીઆઈડી કાયદા હેઠળ સક્ષમ અધિકારી દ્વારા જારી કરાયેલી જાહેર નોટિસમાં રોકાણકારોના ૩૫ કરોડ રૂપિયાના દાવાઓ જાહેર થયા છે. સીએ ઓડિટમાં ૧૨૨ કરોડ રૂપિયાનો આંકડો જાહેર થયો છે. ફોરેન્સિક ઓડિટ મુજબ, કોઈ નવો રોકાણકાર પૈસા માંગવા માટે આગળ આવ્યો નથી. ભૂપેન્દ્ર ઝાલાની ૫૪ કરોડ રૂપિયાની મિલકતનો કબજો લેવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.જ્યારે પણ અરજદારે જામીન અરજી દાખલ કરી છે, ત્યારે એવું બહાર આવ્યું છે કે તેને પહેલા કરતા ઓછા પૈસા ચૂકવવા પડ્યા છે. વધુમાં, અરજદારનું ખાતું ફ્રીઝ થઈ ગયું હોવાથી, તે ચુકવણી કરી શક્યો નથી. આરોપી ડિસેમ્બરથી જેલમાં છે. કેસમાં ૭૦૦ થી વધુ સાક્ષીઓ છે, તેથી ટ્રાયલ લાંબી ચાલશે. મૂળરૂપે, આરોપીને કસ્ટડીમાં લેવામાં આવ્યો ત્યાં સુધી કોઈ ડિફોલ્ટ નહોતો. ત્યાં સુધી, રોકાણકારોને નિયમિત ચૂકવણી કરવામાં આવી રહી હતી. હાઈકોર્ટે આજે આરોપી અને સરકાર બંનેને સાંભળ્યા બાદ આરોપીને જામીન આપ્યા હતા. બીઝેડ કૌભાંડના આરોપી ભૂપેન્દ્ર ઝાલા સામે સીઆઈડી ક્રાઈમ દ્વારા દાખલ કરવામાં આવેલી મૂળ ફરિયાદમાં, ભૂપેન્દ્ર ઝાલાએ ગુજરાત હાઈકોર્ટમાં નિયમિત જામીન અરજી દાખલ કરી હતી, જેને હાઈકોર્ટે મંજૂર કરી હતી. હવે ઝાલા આઠ મહિનામાં જેલની બહાર આવશે જીપીઆઈડી કાયદા હેઠળ સક્ષમ અધિકારી દ્વારા જારી કરાયેલી જાહેર નોટિસમાં રોકાણકારોના ૩૫ કરોડ રૂપિયાના દાવાઓ જાહેર થયા છે.






## તંત્રી લેખ...

# ઓપરેશન ઓલઆઉટ

જમ્મુ કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવાના પ્રયાસ મોટા પાયે કરવામાં આવી રહ્યા છે જેના ભાગરૂપે છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા ઓપરેશન ઓલઆઉટના પરિણામસ્વરૂપે એકપછી એક મોટી સફળતા હાથ લાગી રહી છે. તમામ કુખ્યાત ત્રાસવાદી સંગઠનોની કમર તુટી ચુકી છે. હવે ત્રાસવાદીઓ તેમના અસ્તિત્વની લડાઇ લડી રહ્યા છે. જમ્મુકાશ્મીરમાં સક્રિય ત્રાસવાદી સંગઠન હિઝબુલ મુજાહીદીન અને લશ્કરે તોયબાના તમામ ટોપના ત્રાસવાદીઓ ફુંકાઇ ચુક્યા છે. આ ઓપરેશન હેઠળ માર્યા ગયેલા ત્રાસવાદીઓ પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટક પણ કબજે કરવામાં આવી રહ્યા છે. ગયા વર્ષે ૨૦૦થી વધારે ત્રાસવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. આ વર્ષે પણ મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ માર્યા ગયા છે. જેમા પોસ્ટર બોય ટાઇગરનો પણ સમાવેશ થાય છે. બુરહાન વાની ગેંગનો સફાયો કરવામાં આવ્યો છે. જો કે જમ્મુ કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવા અને લોકોમાં આત્મવિશ્વાસ ભરવા માટે અનેક પગલાની જરૂર છે. સામાન્ય લોકો સુરક્ષા દળો અને સેનાની પૂરતી મદદ કરે તે જરૂરી છે. સ્થાનિક ત્રાસવાદીઓને રક્ષણ અને આશ્રય આપવાના બદલે તેમના સંબંધમાં ગુપ્ત માહિતી સુરક્ષા દળોને માહિતી આપે તે જરૂર છે. ત્રાસવાદ સામેની લડાઇમાં સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા નાગરિકોની રહે છે. જો તમામ સતર્ક અને સાહસી તરીકે રહેશે તો ત્રાસવાદને પગ ફેલાવવાની તક મળશે નહી. દુનિયાની તમામ સરકાર, નેતા, ત્રાસવાદની સામે એક થઇ રહ્યા છે. એક થઇને જ ત્રાસવાદનો અંત લાવી શકાય છે. લોકો હુમલા બાદ નારાજગી પ્રગટ કરવા માટે આગળ આવે છે તેને ત્રાસવાદની હાર તો કહી શકાય છે પરંતુ ત્રાસવાદનો ખાતમો બાકી છે. આના માટે સમગ્ર માનવતા એક થાય તે જરૂરી છે. ત્રાસવાદને જીવિત રાખનાર, તેમને મદદ કરનાર. તેમને આશ્રય આપનાર દેશોની સામે પણ પગલા લેવા પડશે. સ્લીપર સેલને નષ્ટ કરવાની દિશામાં પગલા લેવા પડશે. ત્રાસવાદને મદદ કરનાર કોઇ પણ વ્યક્તિ, સંગઠન અથવા તો દેશ કેમ ન રહે તેની સામે સંયુક્ત યુદ્ધ છેડી દેવાની જરૂર છે. જો આવુ કરવામાં નહી આવે તો કઠોર પ્રતિક્રિયા, થવા તો લશ્કરી કાર્યવાહીથી ત્રાસવાદીઓ થોડાક દિવસ તો શાંત રહી શકે છે પરંતુ ફરી કોઇને કોઇ જગ્યાએ હુમલો કરીને રક્તપાત સર્જી દેશે. ભારત, અમેરિકા, ફ્રાન્સ, બ્રિટન ત્રાસવાદીઓના હિટલિસ્ટમાં રહ્યા છે. તેમને દુનિયાના અન્ય દેશોની સાથે મળીને પોતાની ગુપ્તચર વ્યવસ્થાને સુધારી દેવા, સુરક્ષા દળોને આધુનિક કરવા અને ત્રાસવાદી સંગઠન પર કાર્યવાહીની યોજના બનાવવી પડશે. જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદી હુમલાની વાત હવે સામાન્ય બની ચુકી છે. ત્રાસવાદી હુમલોનો બનાવ જે કોઇ પણ હોય પરંતુ મોટો પ્રશ્ન એ થાય કે તે હુમલાને અમે કઇ રીતે હાથ ધરીએ છીએ. આ અમારી નબળાઇ છે કે આવી ત્રાસવાદી ઘટનાને હાથ ધરતી વેળા અમે ત્રાસવાદીઓને જીવિત પકડી પાડવાના પ્રયાસ કરતા નથી.

# ફુડ પ્રોડક્શન મેનેજરનો પણ ક્રેઝ

આધુનિક સમયમાં સપ્તાહમાં એક અથવા તો વધુ વખત ઘરની બહાર હોટેલ અને રેસ્ટોરન્ટમાં ભોજન કરવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. આવી સ્થિતીમાં ફુડ સાથે સંબંધિત કોર્સમાં જોડાઇને શાનદાર કેરિયર પણ બનાવી શકાય છે. આ ફુડ ક્ષેત્રે પણ અનેક લોકો તેમની કેરિયરને લોકપ્રિયતાની ચરમસીમા પર લઇ ગયા છે. સારા ફુડ પ્રોડકશન મેનેજરની પણ ભારે માંગ હવે જોવા મળી રહી છે. ફુડ પ્રોડક્શન મેનેજરની કેરિયર સ્વાદ સાથે જોડાયેલી છે. જો તમને જુદા જુદા પ્રકારના સ્વાદિષ્ટ ભોજનમાં વધારે રસ છે તો આ કેરિયરમાં આગળ વધી શકાય છે. સફળ કેરિયર આમાં પણ બને છે. એક ફુડ પ્રોડક્શન મેનેજર ખાસ પ્રકારના ભોજન તૈયાર કરવાના તમામ પાસાથી સંપૂર્ણ વાકેફ હોય છે. આવી સ્થિતીમાં આ યુવાનો જેમનો રસ કેટરિંગ, ભોજન, બનાવવામાં અને ખાસ પ્રકારની ડીસ બનાવવામાં વધારે છે તે યુવાનો આ ક્ષેત્રે આગળ વધી શકે છે. ઇન્ડિયન, કોન્ટિનેન્ટલ, ચાઇનીજ અને અન્ય ઇન્ટરનેશનલ ભોજન બનાવવામાં રસ ધરાવે છે તે તમામ લોકો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયર બાનાવી શકે છે. છેલ્લા કેટલાક સમયમાં જે રીતે હોટેલ એન્ડ હોસ્પિટાલિટી ઇન્ડસ્ટ્રીઝમાં ગ્રોથ થયો છે તેના કારણે હોટેલ ઇન્ડસ્ટ્રીઝના પ્રોફેશનલોની માંગમાં તીવ્ર વધારો થયો છે. ઇન્ડિયા બ્રાન્ડ ઇક્વિટીના કહેવા મુજબ વર્ષ ૨૦૧૫-૧૬માં ભારત આવનાર વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં આશરે સાડા સાત ટકાનો વધારો થયો છે. મોટા શહેરો સિવાય નાના નાના શહેરોમાં પણ હોટેલ અને રેસ્ટોરન્ટ ખુલી રહ્યા છે. આવી સ્થિતીમાં પોતાના કામમાં કુશળતા ધરાવતા પ્રોફેશનલ લોકોની માંગમાં તીવ્ર વધારો થયો છે. હોટેલ ઇન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા કેટલાક ખાસ કોર્સ દેશના જુદા જુદા ભાગોમાં ચાલે છે. આમાંથી એક કોર્સ ફુડ પ્રોડક્શન માટે પણ છે. જો તમને ભોજન બનાવવામાં વધારે રસ છે તો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયરને આગળ વધારી દેવાની સારી તક રહેલી છે. જાણકાર લોકોના કહેવા મુજબ સ્વાદની દુનિયાની કલાને સિખવાડવા અને તેને વધારે સારી બનાવવા માટે કેટલીક સંસ્થાઓ મદદ કરે છે. પ્રવેશ મેળવી લેવા માટે અભ્યાસ કરનાર દાવેદાર દસમાં અથવા તો ૧૨ ધોરણમાં પાસ થયેલી રહે તે જરૂરી છે. દસમાં ધોરણમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ ડિપ્લોમાં અને ૧૨માં ધોરણને પાસ કરી ચુકેલા વિદ્યાર્થીઓ ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકે છે.



### ૩.૭ લીટર પાણી પુરૂષ, ૨.૭ લીટર પાણી મહિલા રોજ પીવે તે જરૂરી

**પાણીની કમી થવાની સ્થિતીમાં એલર્જી થવાનો ખતરો વધે છે ફેફસામાં ઇન્ફેક્શન, અસ્થમા અને આંતરડાની બિમારીને દુર કરે છે શરદી, ગરમી અને કિડનીની બિમારીથી પણ બચાવે છે આના કારણે લોહીમાં પાણીનુ પ્રમાણ ઘટી જાય છે**

# પાણીની કમીથી એલર્જીની શંકા છે

**પાણીને પાંચ મિનિટ સુધી તેજ આગ પર ઉકાળી લેવાથી હાનિકારક જીવાણુ સંપૂર્ણપણે નષ્ટ થઇ જાય છે : પાણી શરીર માટે ઉપયોગી છે**

પાણીમાં કેટલીક વખત જીવાણુની સાથે ઝેરી તત્વો પણ મિક્સ થઈ જાય છે. આના કારણે બિમારી થઇ શકે છે. દર વર્ષે ૨૨મી માર્ચના દિવસે વિશ્વ જળ દિવસની ઉજવણી કરવામાં આવે છે. દુષિત પાણીના કારણે કેટલીક બિમારી ફેલાઇ જાય છે. શરીર માટે પાણી કેમ જરૂરી છે તેને લઇને હમેંશા પ્રયોગ થતા રહ્યા છે. પુરતા પ્રમાણમાં શરરીમાં પાણી હોવાના કારણે શરીરમાં ચુસ્તી અને ઉર્જા બનેલી રહે છે.

થાકનો અનુભવ થતો નથી. દુષિત તત્વો યુરિન અને પરસેવા તરીકે શરીરની બહાર નિકળે છે. આના કારણે શરીરમાં ફાઇબર સારી રીતે અવશોષિત થઇ જાય છે. આના કારણે રોગ પ્રતિકારક ક્ષમતા વધે છે અથવા તો ઇમ્યુનિટી પાવર વધી જાય છે. તે જોડમાં લુબ્રિકેશનને વધારે છે. વજન આના કારણે નિયંત્રિત રહે છે. પાણીની કમી થવાની સ્થિતીમાં એલર્જી થવાનો ખતરો વધે છે. ફેફસામાં ઇન્ફેકશન, અસ્થમા અને આંતરડાની બિમારીને દુર કરે છે. શરદી, ગરમી અને કિડનીની બિમારીથી પણ બચાવે છે. આના કારણે લોહીમાં પાણીનુ પ્રમાણ ઘટી જાય છે. બ્લડ પ્રેશર વધી જાય છે. આ ઉપરાંત પાણીમાં અનેક પ્રકારના મિનરલ હોય છે. જે કેટલાક રોગથી બચાવે છે. દુષિત પાણીમાં વાયરસ હોવાન કારણે કમળા સહિતના કેટલાક રોગ થઇ શકે છે. પાણીમાં કેટલીક ચીજો મિક્સ હોય છે. પાણીમાં આર્સેનિક ફ્લોરાઇડ, કેડમિયમ, લેડ, મરકરી, નિકોલ, સિલ્વર, લોખંડ અને મેગનીજ, કેલ્શિયમ , બોરિયમ, ક્રોમિયમ અને કોપર હોય છે. જેવા હેવી મેટલની સાથે સાથે નાઇટ્રેટ, સ્લફેટ, બોરેટ અને કાર્બોનેટ જેવા લવણ પણ મિક્સ કરેલા હોય છે. આના કારણે આંતરડામાં બળતરા, લોહીની કમી, કેન્સર, સ્ટ્રોક, હાર્ટ સાથે સંબંધિત રોગ, ગરદન તેમજ અન્ય કેટલીક બિમારી થાય છે. પાણીને શુદ્ધ કરવા માટે સૌથી પહેલા પાંચ મિનિટ સુધી તેને તેજ આગ પર ગરમ કરવામાં આવે છે. જેના કારણે તેમાં હાનિકારક તત્વો નષ્ટ થઇ જાય છે. ક્લોરીનની ૧૬ બુન્દથી ચાર લીટર પાણી શુદ્ધ થઇ શકે છે.

૨૦ લીટર પાણીમાં ક્લોરીનની એક બુન્દ નાંખીને તેને એક કલાક બાદ ઉપયોગમાં લઇ શકાય છે. પહેલા પીવાની બાબત યોગ્ય નથી.જનરલ ડાયાબિટીશ કેરમાં ફ્રાંસના અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જે લોકો એક દિવસમાં બે ગ્લાસ અથવા તો તેનાથી પણ ઓછું પાણી પીવે છે તે લોકોમાં હાઇ બ્લડ સુગરનું સ્તર જોવા મળે છે. તેના કારણે આ પ્રકારના



લોકો ડાયાબિટીશથી ગ્રસ્ત થઈ શકે છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે બે ગ્લાસથી ઓછું પાણી પીનાર લોકોમાં ડાયાબિટીશનો ખતરો વધી જાય છે. ૩૬૧૫ પુખ્તવયના લોકોને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે વોટર થેરાપી ખૂબ જ ઉપયોગી છે. ૩૦થી ૬૫ વર્ષની વયના લોકોને આવરી લઈને આ અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. અભ્યાસની શરૂઆતમાં આ તમામ લોકોમાં સામાન્ય બ્લડ સુગરની સપાટી હતી. નવ વર્ષના અભ્યાસના ગાળા બાદ અભ્યાસના ભાગરૂપે રહેલાં ૫૬૫ લોકોને હાઈ બ્લડ સુગરની તકલીફ જોવા મળી હતી અને ૨૦૨ લોકોમાં ટાઈપ-૨ ડાયાબિટીશની અસર દેખાઈ હતી. દરરોજ બે ગ્લાસથી ઓછું પાણી પીનાર લોકોમાં હાઈ બ્લડ સુગર થવાની શક્યતા ૨૮ ટકા ઓછી છે. જે લોકોએ આનાથી પણ ઓછું પાણી પીવે છે તે લોકોમાં ખતરો વધારે છે. આ જોખમ હાર્મોન સાથે સીધી રીતે સંબંધિત છે. આનો મતલબ એ થયો કે મોટાપ્રમાણમાં પાણી ખૂબ જ ઉપયોગી છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે શરીરમાં ૬૦ ટકા હિસ્સા પાણીમાં છે. તે કુલ વજનના ૯૦ ટકાની આસપાસ હોય છે. નિષ્ણાંતો કહે છે કે દરેક પુરૂષને ૩.૭ લીટર પાણી અને દરેક મહિલાને ૨.૭ લીટર પાણીની દરરોજ જરૂર હોય છે.



### કામની વાત : માત્ર એક સખ્ત ઇરાદાથી વ્યક્તિ ખોટી ટેવ છોડે છે...

**ખરાબ ટેવને સરળતાથી છોડી શકાય છે પરંતુ આના માટે મજબુત ઇચ્છાશક્તિની જરૂર હોય છે એક કઠોર અને સખ્ત નિર્ણય આ ટેવ આપને છોડાવી શકે છે શરાબની ખોટી ટેવને સરળતાથી છોડી શકાય છે**

# મજબુત ઇરાદાથી શરાબ છોડી શકાય

**મજબુત ઇચ્છાશક્તિ હોય તો શરાબની ટેવને છોડી શકાય છે : મન પર નિયંત્રણ પણ ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે : પારિવારિક સમર્થન જરૂરી**

દેશમાં જુદા જુદા રાજ્યો અને શહેરોમાં મોટી સંખ્યામાં લોકો શરાબની ટેવથી ગ્રસ્ત છે. આ લોકોના પરિવારના સભ્યો પણ તેમની આ પ્રકારની ટેવના કારણે દુખી થયેલા છે. તેમની સાચવણીની કામગીરી પરિવાર માટે પણ મુશ્કેલરૂપ હોય છે. જુદા જુદા સામાજિક પ્રસંગોમાં પણ આ પ્રકારના શરાબ પિવાની ટેવ ધરાવતા લોકો હમેંશા પ્રસંગની મજા બગાડી નાંખે છે. આના કારણે પરિવારના લોકોને અપમાનિત થવાની સ્થિતીનો સામનો કરવો પડે છે.

ઘરમાં પણ શરાબ પીનાર લોકોના પરિવાર પર આની અસર થાય છે. એમ કહેવામાં આવે છે કે જુની ટેવ ખુબ મુશ્કેલથી છુટે છે. પરંતુ આનો મતલબ એ નથી કે જુની અને ખરાબ ટેવને છોડી શકાય નહી. ખરાબ ટેવને સરળતાથી છોડી શકાય છે પરંતુ આના માટે મજબુત ઇચ્છાશક્તિની જરૂર હોય છે. એક કઠોર અને સખ્ત નિર્ણય આ ટેવ આપને છોડાવી શકે છે. શરાબની ખોટી ટેવને સરળતાથી છોડી શકાય છે. શરાબની ખોટી ટેવને છોડી દેવા માટે એક મજબુત ઇચ્છાશક્તિની જરૂર હોય છે. જો મજબુત ઇરાદા સાથે આગળ વધવામાં આવે તો મંજિલ નજીક દેખાઇ શકે છે. વિલ પાવરને અથવા તો ઇચ્છાશક્તિને મજબુત કરવાની સૌથી પહેલા જરૂર રહે છે. જો વિલ પાવર



મજબુત રહેશે તો જ આની સામે લડત મેળવી શકાય છે. કેટલીક દેશી અને વિદેશી શોધમાં આ વાત નિકળીને સપાટી પર આવી છે કે મન પર નિયંત્રણ કરીને આપને જુની ટેવ છોડવામાં મદદ મળી શકે છે. જ્યારે પણ શરાબની તલબ લાગે છે ત્યારે અન્ય ચીજોનો ઉપયોગ કરવામાં આવી શકે છે. અન્ય ખરાબ ટેવને છોડવા માટે ધીમે ધીમે પ્રયાસ કરવા જોઇએ. કોઇ ટેવને છોડવા માટે તબક્કાવાર રીતે પ્રયાસો હાથ ધરવા જોઇએ. એકદમ બંધ કરી દેવાથી નુકસાન થઇ શકે છે. કારણ કે નશાની શરીરને ટેવ પડેલી હોય છે. જેથી એકદમ છોડી દેવાની સ્થિતીમાં તે વધારે અસર કરી શકે છે. આડ અસર કરી શકે છે. નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે શરાબના કારણે અન્યોને નુકસાન થાય છે. આપની આસપાસના લોકો અને બાળકોને પણ નુકસાન થાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શરાબ અનેક બિમારીને આમંત્રણ આપે છે. જેમાં કેન્સર જેવી જીવલેણ બિમારી પણ સામેલ છે. અભ્યાસમાં જાણવામાં આવ્યું છે કે આ પ્રકારના વાતાવરણમાં રહેનાર બાળકો પર માઠી અસર થાય છે. આ પ્રકારની શરાબની ટેવથી કેટલીક ગંભીર પ્રકારની આરોગ્યની તકલીફ ઊભી થાય છે. તે પ્રકારના તારણો પહેલાંથી જ બહાર આવી ચૂક્યા છે. હવે નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શરાબની ટીનેજરો ઉપર માઠી અસર થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે નાના બાળકો ધરાવતા માતાપિતા પૈકીના ઘણા માતાપિતા બાળકો ઘરે અભ્યાસ કરે છે ત્યારે અથવા તો રમતા હોય છે ત્યારે ઘરમાં શરાબ સેવન કરે છે. આ પ્રકારના વાતાવરણમાં રહેનાર બાળકોનું સ્કૂલમાં વર્તન પણ અશાંત રહે છે. શિક્ષણમાં પણ નબળા હોય છે. ભણવામાં નબળા હોવાના કારણો જાણવા મળ્યા નથી. તારણોમાં જણાવવામાં આવ્યું છે કે આરોગ્યની ઘણી સમસ્યાઓ શરાબના લીધે ઊભી થાય છે. અસ્થમા, હાર્ટના રોગ, ફેંફસાના કેન્સર સહિતના ઘણા ગંભીર રોગ શરાબની ટેવના કારણે થાય છે તેવા અહેવાલ પહેલેથી જ આવી ચૂક્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જો કોઈ વ્યક્તિને શરાબ પીવાની ટેવ પડી ગઈ છે તો સૌથી પહેલાં તેને છોડી દેવાના પ્રયાસ કરવા જોઈએ. અલબત્ત આમા સમય લાગી શકે છે પરંતુ ત્યાં સુધી તેની આડ અસરથી બચી શકાય છે. ડૉ. વિજય કે એસ શુક્લાનું કહેવું છે કે શરાબનો ઉપયોગ કરવાથી કેન્સર, હાર્ટના રોગ, ડાયાબિટીશ, સ્ટ્રોક, કોલ્ડ અને કફ જેવી તકલીફ થઈ શકે છે. સામાન્ય રીતે આ તમામ તકલીફો શરાબના વધારે પડતા ઉપયોગ અને પોષક તત્ત્વોનો ઓછો ઉપયોગ કરવાથી થાય છે. શરાબ સેવન પછી શરીરમાં વિટામીન સી અને ઈ, ઝીંક, કેલ્સિયમ, ફ્લોટ અને ઓમેગા થ્રીની અછત ઊભી થઈ જાય છે. આવી સ્થિતિમાં ખાવા પીવાની ચીજવસ્તુઓ મારફતે આવી ચીજોનો ઉપયોગ કરવામાં આવે તો શરીરને નુકશાન થવાની તકો ઘટી જાય છે. ગુજરાત સહિત દેશના કેટલાક રાજ્યોમાં શરાબ પર પ્રતિબંધ છે. જ્યારે કેટલાક રાજ્યોમાં તો શરાબને છુટછાટ મળેલી છે. જેના કારણે સરકારને મોટી આવક પણ મળે છે. બિહાર અને ગુજરાત જેવા રાજ્યોમાં શરાબ પર વર્ષોથી પ્રતિબંધ છે.

### અમેરિકામાં બાકી વિદ્યાર્થી લોનનો આંકડો ૧.૬ ટ્રિલિયન ડોલર...

# અમેરિકામાં કોલેજ સ્તરે શિક્ષણના ખર્ચ ખુબ વધી ગયા હોવાથી વિદ્યાર્થીઓ મુશ્કેલમાં : ખાનગી લોન આપનારાની સંખ્યા વધી

અમેરિકામાં કોલેજ સ્તરમાં અભ્યાસ કરવાની બાબત ખુબ ખર્ચાળ બની ચુકી છે. જેથી દેશમાં ખાનગી લોન આપવા સાથે સંબંધિત કારોબાર ટોપ પર છે. ઓનલાઇન સર્વે એજન્સી લેન્ડ યુઝ્સના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે અમેરિકામાં ખાનગી વિદ્યાર્થીઓ લોન બજારની રકમ ૧૦ હજાર કરોડ રૂપિયા અથવા તો ૧૦૦ અબજ ડોલર સુધી પહોંચી ગઇ છે.

અમેરિકામાં ખાનગી વિદ્યાર્થી લોન બજારનુ કદ દિન પ્રતિદિન વધી રહ્યુ છે. આવી જ રીતે જે વિદ્યાર્થીઓના નાણાં ચુકવવાના બાકી છે તે વિદ્યાર્થીઓની સંખ્યા વધીને ૧૪ લાખથી ઉપર પહોંચી ગઇ છે. એજન્સીના કહેવા મુજબ આ વર્ષે ખાનગી લોન માટે આવેવી આશરે બે લાખ અરજીઓ પૈકી માત્ર એક તૃતિયાંશ અરજીને જ મંજુરી આપવામાં આવી છે. આંકડા દર્શાવે છે કે ૪.૪ કરોડ કરતા વધારે અમેરિકી વિદ્યાર્થીઓ પર સાત હજાર ખર્વ કરતા વધારે શૈક્ષણિક લોનની ચુકવણી બાકી રહી છે. આંકડા ખુબ જ રોચક અને ચર્ચામાં મુકે તેવા છે. કારણ કે અમેરિકામાં વિદ્યાર્થીઓ પર ૨૫.૯૦ લાખની સરેરાશ વિદ્યાર્થી લોન રહેલી છે. આંકડા એમ પણ દર્શાવે છે કે ૬૦ વર્ષ કરતા ઓછી વયના ૨૬ ટકા યુવા અમેરિકી વ્યસ્ક ખાનગી લોન આપનારના દેવાદાર તરીકે છે. અમેરિકામાં સ્વતંત્ર રીતે વિદ્યાર્થીઓ સ્નાતક કક્ષા સુધી પહોંચી શક્યા નથી. ખુબ ઓછા જ વિદ્યાર્થીઓ એવા છે જે આ સફળતા હાંસલ કરી રહ્યા છે. સર્વે અને અભ્યાસમાં એમ પણ કહેવામાં આવ્યુ છે કે ૭૦ ટકા કરતા વધારે વિદ્યાર્થીઓ અને ખાસ કરીને અમેરિકી વિદ્યાર્થીઓ સ્ટુડન્ટ લોન લઇને સ્નાતક થયા છે. દરેક ચાર વિદ્યાર્થીઓ પૈકી એક અમેરિકી વિદ્યાર્થી આજે સ્ટુડન્ટ લોનની ચુકવણી કરવામાં લાગેલા છે. અમેરિકામાં વિદ્યાર્થી લોન દેવાદારોની સંખ્યા રેકોર્ડ ગતિથી વધી રહી છે. આ સંખ્યા પ્રાથમિક અંદાજ મુજબ ૧૪ લાખ સુધી પહોંચી ગઇ છે. સંખ્યા ઝડપથી વધી રહી છે. અમેરિકામાં ૭૦ ટકા કરતા વધારે વિદ્યાર્થીઓ દેવામાં ડુબેલા છે. અમેરિકાના શિક્ષણને પણ સુધારાની જરૂર દેખાઇ રહી છે. અમેરિકામાં અભ્યાસ કરવા માટે જતા વિદ્યાર્થીઓની સંખ્યા આજે દુનિયામાં સૌથી વધારે છે. અમેરિકામાં અભ્યાસને વિદ્યાર્થીઓ સર્વોચ્ચ પ્રાથમિકતા વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં આપે છે. જો કે આંકડા સાબિત કરે છે કે આ બાબત ચિંતાજનક છે. અમેરિકામાં શિક્ષણ અને ખાસ કરીને કોલેજ સ્તરમાં અભ્યાસમાં ખર્તનો આંકડો રેકોર્ડ સપાટી પર પહોંચી ચુક્યો છે. ડેટા સ્ટોરી ભારે રોચક રહેલી છે. અમેરિકામાં જુદા જુદા માપદંડ શિક્ષણના ક્ષેત્રમાં લાગુ કરવામાં આવ્યા છે. શિક્ષણના ઉંચા સ્ચરના કારણે અમેરિકામા અભ્યાસ કરવાને લઇને તમામમાં ક્રેઝ રહે છે. હજારોની સંખ્યામાં વિદેશી વિદ્યાર્થીઓ પણ શિક્ષણ મેળવી લેવા માટે ઉત્સુક રહે છે. અમેરિકાની જગ્યાએ હવે દુનિયાના અન્ય દેશોમાં પણ લોકો અભ્યાસ માટે જવા લાગી ગયા છે. અમેરિકામાં શિક્ષણ વધારે ખર્ચાળ છે ત્યારે ત્યાંના સ્થાનિક વિદ્યાર્થીઓ પણ શિક્ષણના ચિત્રને ધ્યાનમાં લઈને હવે અન્ય દેશોમાં શિક્ષણ મેળવી લેવા માટે પહોંચી રહ્યા છે. જેમાં ભારત પણ સામેલ છે. ફ્રાન્સ, બ્રિટન, કેનેડા અને ઓસ્ટ્રેલિયા પણ શિક્ષણ મેળવી લેવા માટે મુખ્ય હબ તરીકે ઉભરી રહ્યા છે. ઓન લાઇન સર્વેના તારણ આવ્યા બાદ સ્થાનિક અમેરિકી લોકો શિક્ષણને લઈને દેવામાં ડુબી જવા માટે તૈયાર નથી. અન્ય દેશોમાં આગળ જઈને અભ્યાસ કરી શકે છે. કારણ કે અમેરિકામાં શિક્ષણને લગતી અન્ય બાબતો પણ ખર્ચાળ બની રહી છે. અમેરિકામાં જે રીતે વિદ્યાર્થીઓ દેવામાં ડુબી રહ્યા છે તે જોતા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તો પોતાના ખર્ચને ઉપાડી લેવા માટે કોઈ પણ પ્રકારની નોકરી પણ કરી રહ્યા છે. ગેરકાયદે રસ્તે પણ કેટલાક વિદ્યાર્થીઓ વળી ગયા છે. જો કે તંત્રને ખાનગી લોન માટેના દુષણને રોકી દેવા માટેની દિશામાં પગલા લેવાની જરૂર દેખાઈ રહી છે.





Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# જમ્મુ-કાશ્મીરના ડોડામાં વાદળ ફાટવાથી અનેક સ્થળોએ પર્વતો ધસી પડ્યા

। શ્રીનગર, તા.૨૬ ।

જમ્મુ-કાશ્મીરના ઘણા ભાગોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. મંગળવારે, ડોડા જિલ્લાના ભાલેશા વિસ્તારમાં વાદળ ફાટવાની ઘટના સામે આવી છે. તેના કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. ૩ થી ૪ લોકોના મોતના અહેવાલ છે. ઘણા ઘરો પાણીમાં ધોવાઈ ગયા છે. જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો છે. સતત વરસાદને કારણે ભૂસ્ખલન અને પથ્થરો પડવાના બનાવો નોંધાઈ રહ્યા છે.મંગળવારે જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર રામબનમાં ટ્રાફિક ખોરવાઈ ગયો છે. મળતી માહિતી મુજબ, સતત વરસાદને કારણે ઘણી જગ્યાએ ભૂસ્ખલન અને પર્વતો પરથી પથ્થરો પડવાના બનાવો નોંધાયા છે, જેના કારણે રસ્તા પર અવરજવર સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે.વહીવટતંત્રે લોકોને આ માર્ગ પર બિનજરૂરી મુસાફરી ટાળવા અને હવામાન સામાન્ય ન થાય ત્યાં સુધી ઘરની બહાર નીકળવાનું ટાળવાની અપીલ કરી છે. ભૂસ્ખલનને કારણે વહીવટીતંત્રે કટરા-શિવખોરી રાષ્ટ્રીય ધોરીમાર્ગ બંધ કરી દીધો છે. ટ્રાફિક પણ ડાયવર્ટ કરવામાં આવ્યો છે.ભારે વરસાદને કારણે રિયાસી જિલ્લાના સિલા ગામ નજીક ભૂસ્ખલન થયું છે, જેના કારણે કટરા-શિવખોરી રાષ્ટ્રીય ધોરીમાર્ગ બંધ થઈ ગયો છે. કાટમાળ અને પથ્થરો હાઈવે પર પડતાં વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો છે. પોલીસ અને વહીવટીતંત્રે તાત્કાલિક વૈકલ્પિક માર્ગો દ્વારા ટ્રાફિક ડાયવર્ટ કર્યો છે.

## ચૂંટણી પહેલા નીતિશની મોટી ભેટ

# બિહારમાં મુખ્યમંત્રી દ્વારા ઔદ્યોગિક રોકાણ પ્રોત્સાહન પેકેજ સહિત ૨૬ એજન્ડા મંજૂર

**નવા ઔદ્યોગિક પેકેજ ૨૦૨૫ હેઠળ, રોકાણને પ્રોત્સાહન આપવા માટે મફત જમીન ફાળવવામાં આવશે । સરકારે હવે બીઆઇએડીએ એમ્નેસ્ટી પોલિસી ૨૦૨૫ પછી નવું બિહાર ઔદ્યોગિક રોકાણ પ્રમોશન પેકેજ ૨૦૨૫ લાગુ કર્યું**

। પટણા, તા.૨૬ ।

મુખ્યમંત્રી નીતિશ કુમારે ફરી એકવાર બિહારના લોકોને મોટી ભેટ આપી છે. તેમણે રાજ્યમાં ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે બિહાર ઔદ્યોગિક રોકાણ પ્રોત્સાહન પેકેજના અમલીકરણની જાહેરાત કરી છે. કેબિનેટ બેઠકમાં, તેમણે કુલ ૨૬ એજન્ડાને મંજૂરી આપી છે. અધિક મુખ્ય સચિવ એસ સિદ્ધાર્થે જણાવ્યું હતું કે આજે મુખ્યમંત્રી નીતિશ કુમારની અધ્યક્ષતામાં કુલ ૨૬ એજન્ડાને મંજૂરી આપવામાં આવી છે. મુખ્યમંત્રી નીતિશ કુમારે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી હતી કે બિહારમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે, સરકારે હવે બીઆઈએડીએ એમ્નેસ્ટી પોલિસી ૨૦૨૫ પછી નવું બિહાર ઔદ્યોગિક રોકાણ પ્રમોશન પેકેજ ૨૦૨૫ લાગુ કર્યું છે.



આ હેઠળ, ૪૦ કરોડ રૂપિયા સુધીની વ્યાજ સબસિડી આપવામાં આવશે. નવા એકમોને ૧૪ વર્ષ માટે ચોખ્ખા એસજીએસટીના મંજૂર પ્રોજેક્ટ ખર્ચના ૩૦૦ ટકા સુધી વળતર આપવામાં આવશે. ૩૦ ટકા સુધીની મૂડી સબસિડી આપવામાં આવશે. નિકાસ પ્રમોશનની મર્યાદા ૧૪ વર્ષના સમયગાળા માટે વાર્ષિક રૂ. ૪૦ લાખ રહેશે. આ ઉપરાંત, કૌશલ્ય વિકાસ, પર્યાવરણીય સંરક્ષણ, નવીનીકરણીય ઉર્જા ઉપયોગ, સ્ટેમ્પ ડ્યુટી અને જમીન રૂપાંતર ચાર્જની ભરપાઈ, ખાનગી ઔદ્યોગિક ઉદ્યાનોને સહાય, પેટન્ટ નોંધણી અને ગુણવત્તા પ્રમાણપત્ર માટે સહાય આપવામાં આવશે. તેમણે કહ્યું કે આ નવા ઔદ્યોગિક પેકેજ ૨૦૨૫ હેઠળ, રોકાણને પ્રોત્સાહન આપવા માટે મફત જમીન ફાળવવામાં આવશે. ૧૦૦ કરોડથી વધુ રોકાણ કરનારા અને ૧૦૦૦ થી વધુ સીધી નોકરીઓ બનાવનારા ઔદ્યોગિક એકમોને ૧૦ એકર સુધીની જમીન મફતમાં ફાળવવામાં આવશે. ૧૦૦૦ કરોડથી વધુ રોકાણ કરનારા ઔદ્યોગિક એકમોને ૨૫ એકર સુધીની જમીન મફતમાં ફાળવવામાં આવશે. ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓને ૧૦ એકર સુધીની જમીન મફતમાં ફાળવવામાં આવશે.

તે જ સમયે, મુખ્ય સચિવ અમૃત લાલ મીણાએ જણાવ્યું હતું કે ઔદ્યોગિક પેકેજ ૨૦૨૫ હેઠળ લાભ મેળવવા માટે, રોકાણકારોએ ૩૧ માર્ચ ૨૦૨૬ પહેલાં અરજી કરવી ફરજિયાત રહેશે. આ નવું ઔદ્યોગિક પેકેજ ૨૦૨૫ ૫ વર્ષમાં એક કરોડ યુવાનોને નોકરીઓ અને રોજગાર આપવામાં મદદ કરશે. આ પહેલનો ઉદ્દેશ બિહારમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાનો, બિહારના યુવાનોને કુશળ અને આત્મનિર્ભર બનાવવાનો અને રાજ્યમાં વધુને વધુ રોજગાર મેળવવાનો અને તેમના ભવિષ્યને સુરક્ષિત કરવાનો છે.

## કોલકાતાના આનંદપુર વિસ્તારમાં શંકાસ્પદ સંજોગોમાં ત્રણ લોકોના મોત

। કોલકતા, તા.૨૬ ।

